ક્રમાંક:ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૬/૭૫૨૨થી૭૫૪૪

કમિશનરશ્રી,શાળાઓની કચેરી,

બ્લોક નં.૯/૧, ડૉ.જી. મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.તા. ૩૦ / ૪ /૨૦૧૬

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય: રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાંથી ધોરણ-૮નો વર્ગ અપર પ્રાયમરીમાં લઇ જવાના કારણે ફાજલ થયેલ શિક્ષકોને સમાવ્યા બાદ રિકોલ કરવા બાબત

સંદર્ભ: (૧) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. ઉમશ:/૧૧૦૬/૨૧૩૮/ગ.૧, તા.૩૧/૧૨/૨૦૦૯

(૨) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. બમશ:/૧૩૧૦/૧૨૦૧/ગ.૧, તા.૨૨/૧૧/૨૦૧૦

(૩) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. બમશ:/૧૩૧૦/૧૨૦૧/ગ.૧, તા.૨૫/૦૨/૨૦૧૧

(૪) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. ઉમશ:/૧૧૦૬/૨૧૩૮/ગ.૧, તા.૦૮/૦૩/૨૦૧૧

(૫) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. બમશ:/૧૩૧૦/૧૨૦૧/ગ.૧, તા.૦૪/૦૫/૨૦૧૨

(૬) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. બમશ:/૧૩૧૦/૧૨૦૧/ગ.૧, તા.૩૦/૦૫/૨૦૧૨

(૭) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક નં. બમશ:/૧૩૧૦/૧૨૦૧/ગ.૧, તા.૦૮/૦૭/૨૦૧૩

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાંથી ધોરણ-૮ ને અપર પ્રાથમિકમાં લઇ જવાના કારણે તેમજ શિક્ષણ વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ તથા તા.૮/૩/૨૦૧૧ના ઠરાવની જોગવાઇઓથી વર્ગદીઠ વિધાર્થી સંખ્યામાં સુધારો થતા ફાજલ જાહેર થયેલ શિક્ષકોને બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં તેમજ અપર પ્રાથમિક શાળાઓમાં સમાવવાની કાર્યવાહી શિક્ષણ વિભાગના વખતો વખતના ઠરાવોની જોગવાઇ અન્વયે કરવામાં આવેલ છે

તદ અનુસંધાને જણાવવાનું કે તાજેતરમાં શરૂ થયેલ ભરતી પ્રક્રિયા અંવયે રાજ્યની તમામ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા પુર્ણ થશે,તેથી તા.૨૩/૩/૨૦૧૬ની વિડિયો કોન્ફરન્સમાં ઉપસ્થિત થયેલ ચર્ચા અનુસંધાને જે જિલ્લાના શિક્ષકો ધો.-૮અપર પ્રાથમિકમાં જવાના કારણે, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ અપર પ્રાથમિક વિભાગમાં સમાવવામાં આવેલ છે, તેઓને આપના જિલ્લાના નિયંત્રણ

હસ્તકની ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં સબંધિત  વિષયની ખાલી જગ્યા પર સમાવવા અંગે તા.૬/૫/૨૦૧૬ સુધીમાં કેમ્પ રાખી સદર કાર્યવાહી પૂર્ણ  કરવા  જણાવવામાં આવે  છે.

સદર કાર્યવાહી પૂર્ણ કરવામાં સરકારશ્રીના તમામ સ્થાયી ઠરાવો અને જોગવાઇઓનુ સંપુર્ણ પાલન થાય તેની  કાળજી લેવાની રહેશે.

પુર્ણ કરેલ કાર્યવાહીનો અહેવાલ સંયુકત શિક્ષણ નિયામક "માધ્યમિક"ને ઈમેઈલથી પાઠવવા વિનંતી છે.

(ઇ.પી.દેસાઇ)
સંયુકત શિક્ષણ નિયામક
( માધ્યમિક)
ગુ. રા. ગાંધીનગર.